BUSINESS મિત્ર

શેરબજારમાં ભારે વેચવાલી વચ્ચે બજાર તૂટતા રોકાણકારોના રૂ. 6.30 લાખ કરોડ સ્વાહા

નિફ્ટી એકસપાયરીએ સેન્સેકસ 1500 અને નિફ્ટી 450 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી રહી હતી. નિફ્ટી એકસપાયરીએ નફાવસુલી વેચવાલી રહી હતી, જેથી સેન્સેકસ ઉપલા સ્તરેથી 2200 પોઈન્ટથી વધુનો કડાકો બોલાયો હતો. નિફ્ટી 25400 પોઈન્ટની નીચે સરકી ગયો હતો. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહેતા દબાણ રહ્યું હતું. જેના લીધે રોકાણકારોના 6.30 લાખ કરોડ રૂપિયા ડુબી ગયા છે. જેમાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ 50899891 કરોડ પર પહોંચી ગયું છે.

આવતીકાલે ગુરૂનાનક જ્યંતિના પગલે ભારતીય શેરબજાર બંધ રહેશે. જેના લીધે આજે નિફ્ટીની એકસપાયરી હતી, જેમાં શરૂઆતમાં ગેપ અપ ઓપનીંગ જોવા મળ્યું હતું, પરંતુ વૈશ્વિક બજારોની અસર શરૂ થઈ હતી અને નફાવસુલી રહી હતી. ખાસ કરીને મેટલ, બેન્કીંગ અને ઓઈલ એન્ડ ગેસ સેકટરમાં દબાણ જોવા મળ્યું હતું. જ્યારે આઈટી, રિયલ્ટી અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરો વધ્યા હતા.

બીએસઈ સેન્સેકસ 1483.72 પોઈન્ટ એટલે કે 1.77 ટકા ઘટીને 83000 પોઈન્ટની સપાટી તોડીને 82435.99 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 84662 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચ્માં 82395 પોઈન્ટ સુધી તૂટયો હતો. નિફ્ટી 450.95 પોઈન્ટ એટલે કે 1.75 ટકા તૂટીને 25350 પોઈન્ટની સપાટી તોડીને 25349.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25992 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25343 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 2049.85 પોઈન્ટ એટલે કે 3.17 ટકા ઘટીને 62585.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એપીએલ અપોલો ટયુબ્સમાં 433.32ગણા, બીલીયનબ્રેઈન્સમાં 9.51 ગણા, ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટમાં 7.22 ગણા, લીલા પેલેસમાં 5.47 ગણા અને બ્રિટાનીયા ઈન્ડ.માં 5.15 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એપીએલ અપોલો ટયુબ્સમાં 20.57 ગણા, આઈટીઆઈ 12.07 ગણા, લિન્ડે ઈન્ડયા 7.12 ગણા, ટાટા સ્ટીલમાં 63 ગણા અને ઈકલર્કસ સર્વિસીસમાં 5.8 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેકસ 0.92 ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેકસ 0.69 ટકા ઘટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. એનએસઈ ખાતે 1179 શેરો વધ્યા હતા, જ્યારે 2455 શેરો ઘટયા હતા. મેટલ શેરોમાં દબાણ રહેતા નિફ્ટી મેટલ ઈન્ડેકસ 3.70 ટકા તૂટયો હતો. જેમાં એપીએલ અપોલો ટયુબ્સ, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો, એનએમડીસી, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્દુસ્તાન કોપર, નેલ્કો, જિન્દાલ સ્ટેનલેસ, લોઈસ મેટલ્સ અને અદાણી એન્ટર ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર્સ 885 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

જે ગત સપ્તાહના કડાકા બાદ રીકવર થઈ શકે છે. યુરોપિયન બજારોમાં પોઝિટિવ ચાલ રહી હતી, જે ગત સપ્તાહમાં ટેકનોલોજી શેરના વેચાણ બાદ રીકવરી જોવા મળી છે. જોકે, મોટા ભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. કારણ કે વિસ્તૃત એઆઈ મુલ્યાંકન અને વિશાળ ડેટા સેન્ટરના રોકાણો પર અનિશ્ચિત વળતર અંગની ચિંતા ટેકનોલોજી અને સેમિકન્ડકટર સ્ટોકસ પર પડી રહી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.53 ટકા, કેક 0.74 ટકા અને ડેક્સ 0.89 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 5.33 ટકા, સ્ટ્રેઈટસ 0.43 ટકા, હેંગસેંગ 0.23 ટકા, કોસ્પી 3.43 ટકા ઘટયા હતા. જ્યારે તાઈવાન 2.12 ટકા, જકાર્તા 1.32 ટકા અને શાંઘાઈ 0.15 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

ડોલરમાં 23 પૈસાની રીકવરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: રૂપિયામાં સતત મજબૂતાઇ બાદ આજે સપ્તાહની શરૂઆતમાં ડોલરમાં રીકવરી જોવા મળી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 23 પૈસા નરમ પડીને 92.91ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.68ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 102.09, પાઉન્ડ 122.25, કેનેડિયન ડોલર 64.97, ઓસ્ટ્રેલિયન ડોલર 61.31, જાપાનીઝ યેન 0.5840, સીંગાપોર ડોલર 72.02 ડોલરના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	92.91 રૂ.
યુરો	102.09 રૂ.
પાઉન્ડ	122.25 રૂ.
યેન	0.5840 રૂ.

સેન્સેકસ	-1483.72	82435.99
નિફ્ટી	-450.95	25349.65
બેન્ક નિફ્ટી	-2049.85	62585.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	3.53	2460.00
શ્રીરામ ફાઇનાન્સ	2.46	995.90
ટેક મહિન્દ્રા	1.79	1777.50
એચસીએલ ટેકનો	1.48	1364.30
ટાઇટન કંપની	1.30	4680.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	8.43	164.00
એકસીસ બેન્ક	3.97	1388.60
એચડીએફસી બેન્ક	3.33	817.80
ICICI બેન્ક	3.32	1585.50
હિન્દાલ્કો	3.13	900.45

સેન્સેકસ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	3.53	2460.00
શ્રીરામ ફાઇનાન્સ	2.46	995.90
ટેક મહિન્દ્રા	1.79	1777.50
એચસીએલ ટેકનો	1.48	1364.30
ટાઇટન કંપની	1.30	4680.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	8.43	163.00
એકસીસ બેન્ક	3.97	1388.60
એચડીએફસી બેન્ક	3.33	817.80
ICICI બેન્ક	3.32	1585.50
હિન્દાલ્કો	3.13	900.45

2027માં ક્રુડ ઓઇલના ભાવ ઘટીને 73 ડોલર થઇ જશે : ગોલ્ડમેનનો દાવો

29મી નવેમ્બરે મળનારી ઓપેક પ્લસની બેઠક પર નજર રહેશે

નવી દિલ્હી, તા. 23: આવતા વર્ષે ક્રુડ ઓઇલના ભાવ ફરી એકવાર ડોલર 73ની નીચે આવી જશે, તેમ ગોલ્ડમેન સાક્સે જણાવ્યું હતું, જે અહેવલમાં જણાવાયું છે કે, ડિસેમ્બર 2027 સુધીમાં ક્રુડ ઓઇલના વર્તમાન ભાવ 93 ડોલર પ્રતિ બેરલથી ઘટીને 73 ડોલર પ્રતિ બેરલ થઇ જશે.

પશ્ચિમ એશિયાના ઓઇલ ઉત્પાદકો વિકલ્પ તરીકે હોર્મુઝ સ્ટ્રેટનું અન્વેષણ કરશે. ક્રુડ ઓઇલના હાલના ઉંચા ભાવ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે છે, જેણે ક્રુડ ઓઇલની સપ્લાય ચેઇન ખોરવી નાંખી છે.

જોકે, આ નિષ્ણાત એવું સુચવી રહ્યા નથી કે રાજદ્વારી ઉકેલના કારણે ક્રુડ ઓઇલના ભાવ ઘટશે. નિષ્ણાતો કહે છે કે હોર્મુઝ સ્ટ્રેટના અવરોધના કારણે ક્રુડ ઓઇલના ભાવમાં અપેક્ષા મુજબનો વધારો જોવા મળ્યો નથી.

ગલ્ફ દેશોની બહાર ક્રુડ ઓઇલનું ઉત્પાદન વધ્યું છે. યુએસ એનર્જી ઇન્ફર્મેશન એડમીનીસ્ટ્રેશનના ડેટા અનુસાર વાણિજ્યિક ક્રુડ સ્ટોક 3.8 મિલિયન બેરલ વધીને 417.80 મિલિયન બેરલ થયો છે. આ સતત બીજા સપ્તાહમાં સ્ટોરેજમાં વધારો થયો છે.

ચીનના વપરાશમાં ઘટાડો-ઉંચા ભાવોને કારણે ચીનમાં વપરાશમાં ઘટાડો થયો છે. આ દેશ તેની ઉર્જા માગને કોલસા અને અન્ય ઇંધણ તરફ ખસેડી રહ્યો છે. આગામી સમયગાળામાં એલએનજી ભાવ પણ ઘટશે. અહેવાલમાં જણાવાયું છે કે, એલએનજીના ભાવ 2027 સુધીમાં 85 યુરોથી ઘટીને 45 યુરો થઇ શકે છે. જોકે, ગોલ્ડમેન સાક્સના અહેવાલની સાથે તમામની નજર આગામી 29 નવેમ્બર મળનારી ઓપેક પ્લસની બેઠક પર છે અને આ બેઠકમાં ઉત્પાદન અને અન્ય મુદ્દાઓ પર નિર્ણય લેવામાં આવી શકે છે.

ચોખાના વધતા ભાવથી સરકાર નિકાસ પર પ્રતિબંધ ફરમાવી શકે

સરકારનો હેતુ ચોખાની નિકાસ ઘટાડીને કિંમતો નિયંત્રિત કરીને ઘરેલું બજારમાં ઉપલબ્ધતા વધારવાનો છે

નવી દિલ્હી, તા. 23: સ્થાનિક બજારમાં ચોખાના વધી રહેલા ભાવોથી સરકાર હરકતમાં આવી છે અને આ વધતા ભાવોને નિયંત્રિત કરવા નિકાસ પર પ્રતિબંધ કે વધારાની ડ્યુટી લાગુ કરી શકે છે. ઘરેલું બજારમાં ચોખાના વધતા ભાવને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકાર બાસમતી સિવાયના ચોખાના નિકાસ પર 30 ટકા ડ્યુટી લાદવાની તૈયારી કરી રહી છે. આ સાથે ન્યુનતમ નિકાસ કિમત લાગુ કરવાની પણ વિચારણા કરવામાં આવી રહી છે.

સરકાર આ પગલા આગામી મહિને અમલમાં મુકી શકે છે. જો આ પગલાં ભાવ ઘટાડતા નથી, તો સરકાર બાસમતી સિવાયના ચોખાની નિકાસ પર તાત્કાલિક પ્રતિબંધ લગાવવાનો પણ વિચાર કરી શકે છે.

સરકારનો હેતુ નિકાસ ઘટાડીને કિંમતો નિયંત્રિત કરીને ઘરેલું બજારમાં ચોખાની ઉપલબ્ધતા વધારવાનો છે. એક અહેવાલ અનુસાર ભારતીય ચોખાના ભાવ થાઈલેન્ડ અને વિયેટનામની તુલનામાં ઓછા છે. આ પરિસ્થિતિમાં 20 ટકા નિકાસ ડ્યુટી લગાવ્યા પછી પણ ભારતીય ચોખા માટે સ્પર્ધા ચાલુ રહી શકે છે. આથી સરકાર 30 ટકા ફી લાદવાનો વિકલ્પ વિચારી રહી છે.

નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારતીય સફેદ ચોકાની કિંમત પ્રતિ ટન 384-389 ડોલર હતી, જ્યારે પાકિસ્તાની ચોખની કિંમત 415 ડોલર, થાઈલેન્ડના 495 ડોલર અને વિયેટનામના 480 ડોલર પ્રતિ ટન હતા.

ઘરેલું બજારમાં ચોખાના વધતા ભાવ સરકાર માટે ચિંતાનો વિષય છે. ઓકટોબરમાં ખાદ્ય મોંઘવારી દર 8.94 ટકા સુધી વધ્યો, જે સપ્ટેમ્બરમાં 7.74 ટકા હતો. આ દરમ્યાન ચોખા માટે મોંઘવારી દર સતત વધી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ચોખાની વધતી માગથી નિકાસમાં પણ વધારો થયો છે. વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં, એપ્રિલથી ઓકટોબર સુધી નોન બાસમતી ચોખાની કુલ નિકાસ 7 ટકા વધીને 8.84 મિલિયન ટન થઇ, જ્યારે ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ 8.28 મિલિયન ટન હતી.

જોકે, સરકાર નિકાસ પર સંપુર્ણ પ્રતિબંધ લગાવવાને બદલે તબક્કાવાર પગલાં લેશે, અને છેવટે ભાવ નિયંત્રણમાં સફળતા નહીં મળે તો જ નિકાસ પ્રતિબંધનું પગલું ભરશે.

વડાપ્રધાન મોદીની અપીલથી સોનાની આયાત સાત મહિનામાં 40 ટકા ઘટી

એપ્રિલથી ઓકટોબર 2026માં ભારતે 16.46 બિલિયન ડોલર બચાવ્યા.

નવી દિલ્હી, તા. 23: ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ-સીએઆઇટીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સોનાની ખરીદી ટાળવાની અપીલનો પ્રભાવ આયાતના આંકડા પર જોવા મળી રહ્યો છે. એપ્રિલથી ઓકટોબર 2026 દરમ્યાન ભારતમાં સોનાના આયાત બિલમાં આશરે 40 ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે, ઓકટોબરમાં આ ઘટાડો વધુ હતું. ગત વર્ષે 14.72 બિલિયન ડોલરથી ઘટીને ઓકટોબર 2026માં 5.51 બિલિયન ડોલર થઇ ગયો છે.

ચાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ દીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/કેપ	૨૭૭	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

બજારના ઘટાડાને ખાળવા ચીન-સાઉથ કોરિયા સક્રિય; ફંડ અને રાહતો જાહેર

ચીને ઉધાર શેર ખરીદવા માટેનો લઘુત્તમ માર્જિન દર 100 ટકાથી ઘટાડીને 80 ટકા કર્યો

નવી દિલ્હી, તા. 23: ચીન અને દક્ષિણ કોરિયાના શેરબજારોમાં સતત દબાણ અને રોકાણકારોના નબળા વિશ્વાસ વચ્ચે બંને દેશોની સરકારો તથા નાણાકીય સંસ્થાઓ બજારને સ્થિર બનાવવા માટે સક્રિય બની છે. બજારમાં તેજી લાવવા અને રોકાણકારોની ભાગીદારી વધારવા માટે મહત્વપૂર્ણ પગલાં જાહેર કરવામાં આવ્યા છે.

ચીનના શાંઘાઈ, શેનઝેન અને બેઇજિંગ શેરબજારોએ ક્રેડિટ પર શેર ખરીદવા માટેની લઘુત્તમ માર્જિન શરત 100 ટકાથી ઘટાડીને 80 ટકા કરવાની જાહેરાત કરી છે. 30 નવેમ્બરથી અમલમાં આવનારા આ નિર્ણયથી રોકાણકારો સમાન જામીન સામે વધુ રકમ ઉધાર લઈ રોકાણ કરી શકશે. ઉપરાંત, ટ્રેડિંગ ખર્ચ ઘટાડવા માટે વિવિધ ફીમાં પણ રાહત આપવામાં આવી છે.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૩૦૭૦૦
તેજાબી સોનું	૧૩૦૬૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૨૪૧૬૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૨૮૧૦૦
સોનાનાં બિસ્કીટ	૧૩૦૭૦૦
ચાંદી (૯૯૯)	૧૬૦૦૦૦
ચાંદી સિક્કા	૧૬૧૫૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

2030 સુધીમાં સ્કિનકેર ઉત્પાદનોનું બજાર રૂ. 10,400 કરોડ થવાનો અંદાજ

ભારતમાં ડર્મેટોલોજિસ્ટ દ્વારા ભલામણ કરાવાથી સ્કિન અને હેરકેર માર્કેટ તેજી આવતા બમણું થશે

મુંબઈ, તા. 23 : ભારતમાં ડર્મેટોલોજિસ્ટ દ્વારા ભલામણ કરાયેલ ત્વચા સંભાળ અને વાળ સંભાળ ઉત્પાદનોનું બજાર 2030 સુધીમાં લગભગ બમણું થઈને રૂ. 10,400 કરોડ થવાની ધારણા છે, કારણ કે ગ્રાહકો વધુને વધુ ક્લિનિકલી સમર્થિત ઉકેલો શોધે છે. જોકે ડર્મેટોલોજિસ્ટ સુધી મર્યાદિત પહોંચ અને તે ઉત્પાદનો ખિસ્સાને પણ પરવડી શકે તે આ બજારના મૂલ્ય અવરોધો છે.

રિસર્ચ ફાર્મ '1Lattice'ના નવેમ્બર 2026ના અહેવાલ અનુસાર, આ ક્ષેત્રમાં આવેલા ઉછાળાની સાથે, ભારતનું વ્યાપક 'બ્યુટી એન્ડ પર્સનલ કેર' (BPC) ક્ષેત્ર પણ ૨૦૩૦ સુધીમાં લગભગ બમણું થઈને ૨૩ અબજ ડોલરથી વધીને આશરે ૪૦ અબજ ડોલર સુધી પહોંચવાની રાહ પર છે, જે ભારતને વૈશ્વિક સ્તરે ચોથું સૌથી મોટું બજાર બનાવે છે.

વૈજ્ઞાનિક રીતે સમર્થિત ઉકેલોમાં ગ્રાહકોનો રસ વધી રહ્યો છે, જોકે તેના સુધીની પહોંચ અને આર્થિકરીતે પોસાય તેવા ઉત્પાદનો બજાર માટે મુખ્ય અવરોધ છે. અહેવાલ સૂચવે છે કે ઘણા ગ્રાહકો હજુ પણ ત્વચાના નિષ્ણાતની સલાહ લીધા વિના જાતે જ દવા લે છે અથવા ઓવર-ધ-કાઉન્ટર ઉત્પાદનો પર આધાર રાખે છે.

ઓનલાઈન ચેનલો નોંધપાત્ર રીતે વધવાની અપેક્ષા છે, જ્યારે પરંપરાગત આઉટલેટ્સ ધીમી વૃદ્ધિનો સામનો કરશે. ભારતના ત્વચારોગ વિજ્ઞાની દ્વારા ભલામણ કરાયેલ સ્કિનકેર અને હેરકેર માર્કેટ જે 2025 માં રૂ. 5,900 કરોડ હતું તે લગભગ બમણું થવાની ધારણા છે અને વધીને 2030 સુધીમાં રૂ. 10,400 કરોડ થઈ જશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

આધાશીશી ગુડ સૂંઠી નસ્ય

પૂજ્ય બાપાજીનો આ પ્રયોગ કરવો. બે ચમચી સૂંઠ, બે ચમચી ગોળ, ચાર ચમચી ઘી, અડધો કપ પાણી ભેળવી ધીમા તાપે ઉકાળો. પાણી સહિત બધું બળી જાય ત્યારે, ગાળીને ઘી કાઢી બાટલીમાં ભરી લો. દિવસમાં ત્રણ વાર બંને નાકમાં બે બે ટીપાં મૂકો.

સુડોકુ 'કૂટ'


	૬	૨	૭	૮			૯	૪
૭	૪	૩		૯		૫	૮	૧
		૫	૪	૧		૭	૬	૨
૮		૯		૩			૪	
	૩		૮	૪	૭	૬		૯
	૭	૬		૫		૨	૩	૮
૫						૯		૬
	૯			૨	૪		૧	૩
	૨	૮	૧				૭	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૮	૩	૯	૨	૭	૬	૪	૧	૫
૬	૫	૨	૪	૩	૧	૯	૭	૮
૭	૧	૪	૯	૫	૮	૬	૩	૨
૩	૮	૫	૬	૧	૭	૨	૪	૯
૪	૯	૭	૫	૨	૩	૮	૬	૧
૧	૨	૬	૮	૪	૯	૫	૭	૩
૫	૭	૩	૧	૬	૪	૯	૨	૮
૯	૪	૮	૭	૯	૨	૧	૫	૬
૨	૬	૧	૩	૮	૫	૭	૯	૪

૨૭૬૬-૭૬૭૭ ફ્રીડ્રિ

શબ્દગુંફન - ૭૩૦૧ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. રક્ષક (૫)
૫. પ્રકાર, પધ્ધતિ (૨)
૭. ખેલ (૩)
૯. અનુકરણ (૩)
૧૧. કેફ, ખુમારી (૨)
૧૨. કૃપા, દયા (૩)
૧૩. ગાનારો, ગવૈયો (૩)
૧૪. ઋતુ (૨)
૧૫. શંકર (૨)
૧૬. ''..... તેરી કસમ '' (૩)
૧૭. કિનારો (૨)
૧૮. કેશ (૨)
૧૯. સીમા, મર્યાદા (૨)
૨૦. તલસાટ, આતુરતા (૩)
૨૧. લાગ (૨)
૨૨. ધનુષ્યની દોરી (૨)
૨૩. પ્રવૃતિ (૨)
૨૫. નવાઈ ભર્યું (૩)
૨૮. દેહ (૨)
૩૦. દુઃખ (૩)
૩૨. મોટું (૩)
૩૩. એક જાતનું ઝીણું કાપડ (૪)
૩૪. પડતી, હાર (૩)

ઊભી ચાવી

૨. દુનિયા, માણસજાત (૩)
૩. નુકસાન (૨)
૪. પવિત્ર ધામ, તીર્થ (૨)
૬. જુસ્સો, અદીરાઈ (૫)
૭. નકામું, બાદ કરેલું (૨)
૮. ઝટ, એકદમ (૩)
૯. ''ચેતતો..... સદા સુખી'' (૨)
૧૦. જરા, સહેજ (૩)
૧૧. મુરાદ, ધારણા (૪)
૧૪. રમતાં-રમતાં સધાય (૫)
૧૬. જમીન ખેડવાનું ઓજાર (૨)
૧૭. સૂર્ય (૩)
૧૮. વગાડવું તે (૩)
૧૯. અધિકાર (૨)
૨૧. એક તેલી બી (૨)
૨૪. ગણપતિ (૪)
૨૬. એક જાતની માછલી (૩)
૨૭. ફત્તેહ, વિજય (૨)
૨૯. પ્રણામ (૩)
૩૦. વસિયતનામું (૨)
૩૧. પ્યાલો (૨)



૧૦૬૭ - ૮૬૭૬ ન્ફ્રિંગ્ગ્રાઠ

આજનું પંચાંગ

તા. 24/11/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1448
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: પૂનમ: 20:25- વ્રતની પૂનમ, ત્રિપુરારિપૂનમ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : માગસર-03 **યોગ :** પરિઘ
કરણ: વિષ્ટિ **નક્ષત્ર :** કૃતિકા: 23:26
રાશિ: મેષ (અ,લ,ઇ) 07:26 પછી વૃષભ (બ,વ,ઉ)
દિવસ : અશુભ- દેવદિવાળી, ભીષ્મ પંચક વ્રત સમાપ્ત, તુલસી વિવાહ સમાપ્તિ, કારતિક સ્નાન સમાપ્તિ, પુષ્કર મેળો, ગુરુનાનાક જયંતી, ગુરુ તેગ બહાદુર શહીદ દિન
સુરતમાં સૂર્યોદય : 06:56 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:55
નવકારસી : 07:44
પારસી વર્ષ : 1346 તીર માસનો 12મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ આખર માસનો 14મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
રાહુ કાળ : બપોરે: 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): શુભ સમાચાર મળે. આર્થિક પ્રગતિની તક મળે. ઘર, પરિવારના કામ પાર પડે. ઉધરાણી આવી શકે છે.
વૃષભ (બ,વ,ઉ,): રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. આરોગ્ય સુધરે. સમાજમાં યશ મળે.
મિથુન (ક,છ,ઘ,): શુભ કામમાં ખર્ચા થાય. સમાજ સેવાથી શાંતિ મળે. લાંબી મુસાફરોની યોજના બને. મન અશાંત રહે.
કર્ક (ડ,હ,): પુત્રી સંતાનથી શાંતિ મળે. મદદ મળે. જીવનસાથીનો સાથ મળે. અચાનક ધનલાભ થાય. પ્રેમમાં સાથી.
સિંહ (મ,ટ,): મોજ-શોખ, કોસ્મેટીક, બ્યુટી પાર્લર વગેરેને લગતા ધંધામાં લાભ થાય. નોકરીમાં નવી તક મળે.
કન્યા (પ,ઠ,ણ,): ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ, આયાત-નિકાસના કામ થાય.
તુલા (ર,ત,): સરકારી કામમાં પ્રગતિ થાય. ઉધરાણી આવે. વડીલોની મદદથી સામાજીક કામ પાર પડશે.
વૃશ્ચિક (ન,ય,): નવા વેપાર ધંધાને લગતા કામની યોજના બને. રોજના કામમાં મદદ મળે. રોજની આવક વધે.
ધન (ભ,ધ,ફ,ઢ,): વિજાતિય આવેગ સતાવશે. હરીફોથી સાવધાન રહેવુ. નોકરીમાં પ્રગતિ થાય. સરકારી યોજનામાં લાભ મળે.
મકર (ખ,જ,): વિદ્યાર્થીઓને મદદ મળે. શેર બજારના કામ થાય. મોજશોખના ધંધામાં આવક વધે.
કુંભ (ગ,સ,શ,ષ,): નવા વાહનની યોજના પાર પડે. વારસાના કામ થાય. ઘરમાં નવા ફેરફારથી દોડધામ વધશે.
મીન (દ,ચ,ઝ,ઞ,): સ્વભાવ સ્વતંત્ર અને નિડર બનશે.વહીવટી કુશળતાથી અટકેલાં કામ પાર પડશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 24 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં